

પૂજ્ય બેનશ્રી ચંપાબેન તથા પૂજ્ય બેન શાન્તાબેન

## પૂજ્ય શ્રી કૃપાળુ ગુરુદેવના મુખે નીકળેલ અમૃતમય વચનો.

આ બંને બેનોની જ્ઞાનની તાકાતની તો શું વાત ? ઓહો ! એની જ્ઞાનની તાકાત !! એ જ્ઞાન જ્યારે ફાટશે....ત્યારે ફડાક કરતું ખીલી જશે. ( ક્ષણવારમાં તો કેવળજ્ઞાન લેશે. ) દર્શન વિશુદ્ધિ તો ખરી; એ દર્શન વિશુદ્ધિ ઉપરાંત જ્ઞાનની તાકાત પણ ઘણી; જ્ઞાનની નિર્મળતા ઘણી !

વ્યાખ્યાનમાં નવો ન્યાય આવે ત્યારે સાંભળતા સાંભળતા એમની આંખોની ચેષ્ટા ઉપરથી તેઓનો ઉત્સાહ અને વિનય દેખાઈ આવે. એમની આંખોની ચેષ્ટા પણ જુદી જાતની...જાણે થીજી ગયા.

અહો ! શાન્તાબેન !! એમના આત્માની કેવી પાત્રતા !! અને સાથે એમના પુણ્ય પણ કેવા કે એમને આવા ચંપાબેનનો યોગ મળી ગયો.

ચંપાબેન સાથે શાન્તાબેન સિવાય બીજું કોઈ ભક્તિમાં ભળી ન શકે...એ બંને બેનો તો એક જ કહેવાય....એમના શરીર બે છે પણ જીવ એક છે.

એક શરીરમાં તો અનેક જીવો હોય, પરંતુ આ તો બે શરીરમાં એક જીવ છે !! એમનો એવો અંતરનો મેળ છે.